# શાળા કોલેજ સારી છે તે કેવી રીતે નક્કી કરશો ?

દરેક વિદ્યાથ્ધ્ર સારી શાળા-કોલેજમાં અભ્યાસ કરવાનું ઇચ્છે, તો વાલી પણ સારી શાળા-કોલેજમાં પોતાના બાળકને પ્રવેશ અપાવવાના પ્રયત્નો પણ કરે જ છે. આમ છતાં ઘણીવાર દેખાદેખીથી પણ પ્રવેશ લેવામાં આવે છે તો ક્યારેક પ્રવેશ લીધા પછી ખબર પડે છે કે આપણે તો ફસાયા! પરિણામે એકાદ-બે વર્ષ પછી નવી સંસ્થામાં પ્રવેશ લેવા માટે દોડાદોડી કરે છે. જેથી દરેક વાલી કે વિદ્યાર્થીએ કોઇપણ સંસ્થામાં પ્રવેશ લેતા પહેલા કેટલીક બાબતોની ખાતરી કરવી જોઇએ જ પછી જ પ્રવેશ લેવો જોઇએ. આ માટે તેઓ શાળાનું મકાન,ફિ, યુનિફોર્મ જોઇને જ મોટાભાગે નિર્ણય લેતા હોય છે, પણ અહીં એવી બાબતોની ચર્ચા કરવામાં આવી છે કે જે પ્રત્યે ભાગ્યેજ કોઇ વિદ્યાર્થી કે વાલી ખાતરી કરતા હોય છે. પણ આ એવી બાબતો છે કે જે સંસ્થા સારી છે કે ખરાબ તે નકકી કરવામાં ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. એટલે કે અહીં એવી બાબતોની વાત કરીશું કે જેની સીધી અસર શિક્ષકના અધ્યાપન પર અને વિદ્યાર્થીના અધ્યયન પર થાય છે.

પ્રથમ બાબત તો સંસ્થાના ઓફિસના કર્મચારીઓનો અભિગમ. તમે સંસ્થામાં પ્રવેશ કરો અને કોઇપણ કર્મચારી સાથે વાત કરો ત્યારે ખ્યાલ આવી જ જાય છે કે અહીં નોકરી કરતાં કર્મચારીઓનો ધ્યેય કયો છે? જો તમને યોગ્ય રીતે આવકાર આપવામાં ન આવે કે તમારી સાથે હસીને યોગ્ય રીતે વાત ન કરે તો સમજી લેવાનું કે અહીંના ઓફિસ સ્ટાફને સંસ્થા કે વિદ્યાર્થી પ્રત્યે લાગણી કે માન નથી. તેઓ નોકરી કરવા ખાતર આવે છે, તેમના દિલમાં વિદ્યાર્થી હિત નથી જ. તેઓ અંદરથી દુ:ખી છે. ત્યારબાદ વાત આવે છે શિક્ષક અને આચાર્યના અભિગમની. ઓફિસ સ્ટાફ પછી તમારે કદાચ આચાર્યને મળવાનું થાય તો કેટલીકવાર આચાર્ય વાલીને મળતા જ નથી. આવી સંસ્થાથી દૂર રહેવું સારું. જે આચાર્ય વાલીને સરળતાથી મળી શકતા ન હોય તે આચાર્ય વિદ્યાર્થી કે વાલીની લાગણીને કેવી રીતે જાણી શકશે કે સમજી શકશે ? આવા આચાર્ય મોટાભાગે શિક્ષકને પણ મળવાનું ટાળતા હોય છે. પરિણામે સંસ્તા ચાલે છે, પણ સંસ્થામાં નવીનીકરણ ભાગ્યે જ થાય છે. હકીકતમાં શાળા-કોલેજ શરૂ થયાં પહેલાં કે પછીના સમયે દરેક આચાર્યએ વાલીને મળવા માટેનો સમય પાળવવો જોઇએ.એવા ઘણાં  વાલી હશે  કે જેઓએ પોતાના બાળકના આચાર્યને ક્યારેય જોયા હોતા નથી. અહીં આચાર્યની સાથે શિક્ષકના અભિગમનો પણ સમાવેશ કરવો જોઇએ. પ્રવેશ લેતી વખતે શિક્ષકને મળવાનું ભાગ્યે જ બનતું હોય છે. આમછતાં પૂર્વ વિદ્યાર્થી કે વાલી પાસેથી શિક્ષકના અભિગમ વિશે જાણી શકાય. આજે ભાગ્યે જ એવું બને છે કે, કોઇ વાલી કે વિદ્યાર્થી સંસ્તામાં કામ કરતાં કર્મચારીઓના અભિગમ વિશે ખાતરી કરતા હોય. પણ આ બાબત બાળકના વિકાસ અને સંસ્કાર સિંચન માટે ખૂબ જ અગત્યની છે. બાળક સંસ્થામાં જેવું જોશે તેવા સંસ્કાર તેના મન પર પડતા હોય છે. જે સંસ્થામાં કર્મચારીઓ અવારનવાર ઝગડતા હોય કે મોટામોટા બરાડા પાડીને વાતો કરતા હોય તેની અસર વિદ્યાર્થીના મન પર કેવી થાય તે આપ સમજી શકો છો.

સંસ્થામાં લેવાતા નિર્ણયો વિદ્યાર્થીકિન્દ્રી હોવા જોઇએ. એટલે કે સંસ્થા વિદ્યાર્થીઓ માટે છે, નહીં કે વિદ્યાર્થીઓ સંસ્થા માટે છે. સંસ્થામાં લેવાતા નિર્ણયો કે સગવડતાઓ વિદ્યાર્થીને ધ્યાનમાં રાખીને વિચારવામાં આવતી હોય તો જ વિદ્યાર્થીને ફાયદો થશે. સંસ્થામાં તતું નવીનીકરણ પણ વિદ્યાથઓને

ધ્યાનમાં રાખીને જ થવું જોઇએ. શાળાનો સમય, રજા પાડવી કે ન પાડવી કે અન્ય સગવડતા નક્કી કરતાં પહેલાં વિદ્યાર્થી સાથે ચર્ચા થવી જોઇએ. વિદ્યાર્થીના વિચારો જાણીને જે સંસ્થા નિર્ણય કરે છે તે સંસ્થા વિદ્યાર્થીકેન્દ્રી કહેવાય. આજે તો ઘણીવાર સંસ્થાના નિર્ણયો આચાર્ય જ્યારે જણાવે ત્યારે શિક્ષકને ખબર પડે છે, પછી વિદ્યાર્થીની વાત જ ક્યાં કરવી? સંસ્થાના વહીવટદારો પોલીસી નક્કી કરતી વખતે શિક્ષક કે વિદ્યાર્થીને સામેલ કરે તો એક નવા જ પ્રકારની બાવના અને વાતાવરણ ઊભા થાય છે. એકબીજાને એકબીજા માટે વિશ્વાસ વધે છે, જે સંસ્થાને તેના ધ્યેય તરફ સરળતાથી લઇ જાય છે.

સંસ્થામાં થતું કામ ટીમવર્કની ભાવનાથી થવું જોઇએ. દરેક કર્મચારી એકબીજાની સાથે રહીને કામ કરતા હોવા જોઇએ. માત્ર કર્મચારીઓ જ કેમ ? વિદ્યાર્થીને પણ લાગવું જોઇએ કે આ મારી સંસ્થા છે. આવું ત્યારે જ શક્ય બને જ્યારે સૌ ખભેખભો મિલાવીને કામ કરતા હોય. આમ તો દરેક કર્મચારીએ પોતાની ફરજમાં આવતું કામ કરવાનું હોય છે, દરેકના કામનું ભારણ અને પ્રકાર જુદાજુદા હોઇ શકે, છતાં ટીમવર્ક થવું જ જોઇએ. જેમકે, ક્રિકેટ રમતી ટીમમાં દરેક ખેલાડીએ અલગઅલગ ક્રમાંકે રમવાનું હોય છે, દરેકની ભૂમિકા જુદીજુદી હોય છે, છતાં જો ટીમવર્ક ન હોય તો એ ટીમ ક્યારેય વિજય મેળવી ન જ શકે. સંસ્થામાં બાષાના શિક્ષકો કે ગનિતવિજ્ઞાનના શિક્ષકોના જૂથ પડવા ન જોઇએ. આમ થશે તો જૂથબંધી કામ કરતી થઇ જશે. જે સંસ્થાને કે વિદ્યાર્થીને નુકશાન કારક જ સાબિત થશે. જેથી સંસ્થાની મૂલવણી કરો ત્યારે એ બાબતની પણ ખાતરી કરો કે, સંસ્થાના સ્ટાફના માનવસંબંધો કેવા છે ? સંસ્થામાં સો સહભાગી બનીને કામ કરવામાં માને છે કે પોતપોતાનું કામ કરવામાં માને છે?

જે સંસ્થા વિદ્યાર્થીના વિકાસમાં વાલીને ભાગીદાર બનાવે છે તે સંસ્થા સારી સંસ્થા કહેવાય. શાળા-કોલેજમાં અવારનવાર વાલીને આમંત્રીને માત્ર તેમના બાળકની જ પ્રગતિ ન જણાવતા સંસ્થાની પ્રગતિ પણ જણાવવી જોઇએ. જરૂર પડે વાલીનો સહયોગ પણ મેળવવો જોઇએ. આમ તો મોટાભાગના વાલી ઇચ્છા ધરાવતા હોય છે કે, તેમનું બાળક જે સંસ્થામાં અભ્યાસ કરે છે તે સંસ્થા વિશે તેને અવારનવાર માહિતી મળતી રહે. પણ કેટલીક સંસ્થા તો વાલીને શાળા-કોલેજના દરવાજેથી જ પાછા ધકેલી દે છે. આવી સંસ્થામાં બાળકને પ્રવેશ અપાવાતી કોઇમોટો ફાયદો થવાનો નથી. ત્યારે પ્રવેશ લેતા પૂર્વે જૂના વાલીને પૂછો કે, આ સંસ્થા વિદ્યાર્થીના વિકાસની જાણકારી નિયમિત પણ, યોગ્ય માધ્યમ દ્વારા વાલીને આપે છે ? વિદ્યાર્થીની કચાસ કે ફરિયાદ જાણવા વાલીને માધ્યમ બનાવે છે ? જો આવું થતું હોય તો તે સંસ્થા સારી કહેવાય. માત્ર અક્ષરજ્ઞાન આપતી શાળા-કોલેજો વિદ્યાર્થીને પુસ્તકીયા કિડા બનાવી શકશે, પણ સારો માણસ નહીં બનાવી શકે. પુસ્તકીયા કિડા જેવા વિદ્યાર્થીને જીવન જીવવામાં વધુ મુશ્કેલી પડશે, પણ સારો માણસ બન્યો હશે તેનું જીવન ખૂબ જ સુંવાળુ અને પ્રગતિકારક હશે.